R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 42 DATE: 20-10-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## જુલાઇ ૨૦૧૯થી દેશભરમાં એકસમાન સ્માર્ટ ડ્રાઇવિંગ લાઇસન્સ-આરસી બુક અપાશે

સરકાર જુલાઇ ૨૦૧૯થી દેશભરમાં એકસમાન સ્માર્ટ ડ્રાઈવીંગ લાઈસન્સ અને આર.સી બુક જારી કરવાની યોજના બનાવી રહી છે.સ્માર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સના રંગ, ફોર્મેટ અને ડિઝાઈન એકસરખાં રહેશે.તેમાં માઈક્રોચીપ ક્યુઆર કોડ પણ હશે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા જારી થનારા ડ્રાઈવિંગ લાઈસન્સ અને આરસી બુક એકસમાન રહેશે. તેમાં એકસમાન સિક્યોરીટી ફીચર્સ સામેલ હશે.સ્માર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સને નિય ફિલ્ડ કોમ્યુનિકેશન ફીચરથી સજ્જ કરાશે.આ પ્રકારનું ફીચર એટીએમ અને મેટ્રો કાર્ડમાં હોય છે. નવા લાઈસન્સમાં ડ્રાઈવરના ડેકલેરેશનથી માંડીને ઓર્ગન ડોનેશન સુધીની માહીતીનો સંગ્રહ થશે.ડ્રાઈવર જો દિવ્યાંગ હશે તો તેને માટે વિશેષ તૈયાર કરાયેલ વાહન ચલાવતા હશે તો તેને ઉલ્લેખ પણ ડ્રાઈવીંગ લાઈસન્સમાં રહેશે.તે ઉપરાંત આરસી બુકમાં વાહનના એમિશન નોર્મનો ઉલ્લેખ કરાશે.જેથી તેની મદદથી પીયુસીના ટસ્ટ કરવામાં સરળતા રહે.

## બળાત્કારી બિશપ ફ્રાન્કો વિરુધ્ધ કોર્ટમાં જુબાની આપનાર ફાધર કુરીયાકોસનું ભેદી સંજોગોમાં મોત નિપજ્યું

કેરળ નન રેપ કેસાં મહત્વના સાક્ષી અને આરોપી બિશપ ફ્રેન્કો મુલક્કલ સામે નિવેદન આપનાર ફાધર કુરીયાકોસનું ભેદી સંજોગોમાં મોત નિપજ્યું છે.તેમના પરિવારના સભ્યો આ એક સુનિયોજીત હત્યા હોવાનું કહી રહ્યા છે.તેમણે ઉમેર્યું કે કુરીયાકોસે અગાઉ પણ તેમના જીવન સામે ખતરાની ભીતી વ્યકત કરી હતી.ફાધર કુરીયાકોસની લાશ જલંધરના દાસુઆ સ્થિત સેન્ટ મેરી ચર્ચમાં મળી આવી હતી.મીડીયા રિપોર્ટસ મુજબ, તેમનો અનેક દિવસથી ધમકી મળી રહી હતી.અને થોડાક સમય અગાઉ તેમની કાર પર હુમલો પણ થયો હતો.જોકે હાલમાં આ હત્યા છે કે આત્મ હત્યા તે અંગે કોઈ સ્પષ્ટતા નથી.

દાસુઆના ડીએસપી એ.આર. શર્માએ કહ્યુ છે કે પોસ્ટમોર્ટમનો રીપોર્ટ આવ્યા બ ાદ જ મોતના કારણને ખુલાસો થઈ શકે છે.તેઓ સેન્ટ પોલ ચર્ચમાં રહેતા હતા અને ત્યાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા.ફાધર કુરીયાકોસની ઉંમર ૬૨ વર્ષની હતી અને તેમની લાશ પરથી કોઈ ઈજાના નિશાન મળી આવ્યા નથી.એવું જાણવા મળ્યું છે કે તેમને બેડ પર વોમીટીંગ થઈ હતી.ઘટના સ્થળેથી બ્લડ પ્રેશરની ટેબ્લેટ પણ મળી આવી હતી. નન પર ૨૦૧૪ અને ૨૦૧૬ વચ્ચે ૧૩ વખત રેપના આરોપી બિશપ મુલક્કલ સામે પોલીસમાં નિવેદન નોધાવ્યું હતું.જો કે તેમના પરિવારના સભ્યો આ ઘટના મામલે હત્યાની આશંકા વ્યકત કરી રહ્યા છે.તેમનો આક્ષેપ છે કે બિશપ સામે બોલવા બદલ ચર્ચમાં રહેતા લોકો તરફથી તેમને ધમકીઓ મળી રહી હતી. સરકારે રેપ કેસના સાક્ષીઓને રક્ષણ આપવું જોઈએ જેથી કેસ નબળા પડી ના જાય

## ભારતમાં સૌથી વધુ પ્રદુષિત ૧૦ શહેરો છે : ઝડપથી વધી રહેલા ભારતના અર્થતંત્રને પ્રદુષિત હવાનો ખતરો છે

એશીયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ ચીન ઘણા વખતથી ધુમ્મસભર્યા આકાશની સમસ્યા સામે ઝઝુમી રહ્યો છે.હવે વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધી રહેલી અર્થવ્યવસ્થાનો દેશ ભારત પણ પ્રદુષણની સમસ્યાનો સામનો કરી રહ્યો છે.વિશ્વના સૌથી વધુ પ્રદશિત શહેરોમાં ૧૦ શહેરો ભારતના જ છે.શિયાળાના આગમન સાથે સરકારની નીતિઓની કસોટી થશે.આ સમયે બેરોકટોક પાક સળગાવવામાં આવે છે અને દીવાળી સુધી તો વાયુ પ્રદુષણ વધુ ખતરનાક થઈ જાય છે.જો તમામ નીતીઓનો અમલ સફળતા લાગુ કરવામાં આવે તો ભારતના લોકો અને સરકાર વધુ ધનિક થઈ શકે છે.

વિશ્વબેન્કના આંકડા મુજબ હેલ્થ કેર ફી અને પ્રદુષણને કારણે પ્રોડક્ટીવીટીનું નુકશાન ભારતની જીડીપીના ૮.૫ ટકા જેટલું છે.ભારત આ વખતે વિશ્વનું સૌથી ઝડપથી વિકસિત થનારી અર્થવ્યવસ્થા છે. જો કે ચીનની અર્થવ્યવસ્થા ભારતની સરખામણીમાં પાંચગણી વધુ છે.ભારતમાં હવે પણ ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.જેના કારણે પ્રદુષણ વધવાની આશંકા છે.

ડોકટર અરવિંદકુમારે સર ગંગારામ હોસ્પીટલમાં ચેસ્ટ સર્જનમાં તેમની પ્રેકટીસની શરુઆત કરી હતી.ત્યારે ફેફસાના કેન્સરના વધુ દરદીઓ મેલ સ્મોકર હતા. તેમનું કહેવું છે કે હવે ૬૦ ટકાથી વધુ દરદીઓ એવા છે કે જે સ્મોકિંગ નથી કરતા અને તેમાંથી અડધાથી વદુ તો મહિલાઓ છે.હવામાં હાજર નાના રજકણો અસ્થમાં અને લંગ કેન્સર જેવી બિમારીઓ જન્માવે છે.૨૦૧૫માં આ બીમારીને કારણે ૧૧ લાખ લોકોનું મોત થયું હતું.શિકાગો યુની.ના પ્રોફેસર માઈકલ ગ્રીનસ્ટોનનું કહેવું છે કે ભારતમાં વાયુ પ્રદુષણ ઘટાડવાની માંગ અસરકારક રીતે ન ઊભી કરવી એ એક મોટો પડકાર છે.ભારતમાં વાયું પ્રદુષણને કારણે થતાં મોતોનો અભ્યાસ જરુરી છે.

પર્યાવરણ મંત્રી હર્ષવર્ધને કહ્યુ છે કે અમે હાલમાં આ નથી કહી શકતા કે બધું ઠીક છે. પરંતુ સુધારો થયો છે. અમે પ્રયાસ કરી રહ્યા છીએ.મોદી સરકારે સોલાર પાવરને પ્રોત્સાહન આપ્યું છે. લોકોને ગેસ સિલિન્ડર અપાયા છે.ખેતરોમાં પાકના અવશેષોને સળગાવવા સામે પણ પ્રતિબંધ મુકવામાં આવ્યા છે.

## બળજબરીથી લગ્ન કરી ધર્માંતર કરાવવાના આરોપો લગાવાયેલ કેરળના ચર્ચાસ્પદ બનેલા પ્રેમલગ્નમાં એનઆઇએને જેહાદના કોઇ પુરાવા મળ્યા નથી

કેરળમાં મહિલાઓને અને પુરુષોને દબાણપુર્વક લગ્ન કરાવવા અને તેમને ઈસ્લામિક ધર્મનો અંગીકાર કરવાની ફરજ પડાય છે તેવા આરોપોમાં તપાસ કરતી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી(એનઆઈએ)ને કોઈ પુરાવા મળ્યા નથી. આંતરધર્મ લગ્નોમાં તપાસ કરી રહેલી સંસ્થાને એવા કોઈ પુરાવા મળ્યા નથી આ કેસોમાં કાયદેસરની કાર્યવાહી ચલાવી શકાય.આ હિલચાલથી માહિતગાર એક અધિકારીએ જણાવ્યુ હતું કે એનઆઈએ સુપ્રીમ કોર્ટમાં આ સંદર્ભમાં કોઈ વધુ અહેવાલ સુપરત કરવાની નથી. એનઆઈએને લાગેવળગે છે ત્યાં સુધી તો કોઈ પુરુષ કે સ્ત્રીને કન્વર્ઝન માટે ફરજ પડાઈ હોય તેવા કોઈપુરાવા તેના હાથે લાગ્યા નથી.આથી આ મામલો બંધ કરી દેવાય છે. તેમણે એવું પણ કહ્યુ હતું કે ઉલટાનું તપાસના ગાળામાં તેમને ધર્મ પરિવર્તનના નિષ્ફળ રહેલા ત્રણ કેસો શોધી કાઢ્યા હતા.એનઆઈએએ કાયદાનું પાલન કરતી સંસ્થાઓ પાસે રહેલા લગ્નના ૮૯માંથી ૧૧ આંતરધર્મી લગ્નના કેસોમાં તપાસ કરી હતી.આ તમામ કેસો લગ્ન કરનાર દંપતીના વાલીઓએ નોધાવ્યા હતા.

## ગુજરાતના રમખાણો પરનો સીટનો અહેવાલ જુઠ્ઠાણું : નિવૃત લે. જનરલ

નિવૃત લે.જનરલ ઝમીરઉદ્દીન શાહે તેમના પુસ્તકમાં સરકારી મુસલમાનના વિમોચન પ્રસંગે જણાવ્યુ હતું કે ૨૦૦૨ના ગુજરાતના રમખાણો પરનો સીટનો અહેવાલ તદ્દન જુઠ્ઠાણું છે.૨૦૦૨ના ગુજરાતના રમખાણો દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વિનંતી કરાઈ હોવા છતાં સેનાના પરિવહનમાં વિલંબ કરાયો હતો. લે. જનરલ ઝમીરઉદ્દીન શાહના આ પુસ્તકનું વિમોચન પુર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીએ કર્યું હતું.શાહે જણાવ્યુ હતું કે મે લખેલુ એકએક વાક્ય સત્ય છે.આખો ઘટનાક્રમ ભારતીય સેનાની વોર ડાયરીમાં નોધાયેલો છે.સમય આવશે ત્યારે આ વોર ડાયરી ઉપલબ્ધ કરાવાશે.

નિવૃત લે. જનરલ ઝમીરના પુસ્તકના ૨૦૦૨ના ગુજરાતના રમખાણો પરના હિસ્સાએ ભારે વિવાદ જગાવ્યો છે. તેમના જણાવ્યા અનુસાર ૩૦૦૦ સૈનિકો સાથે અમે અમદાવાદના એરપોર્ટ પર ૧ માર્ચ ૨૦૦૨ના રોજ સવારે સાત વાગ્યે ઉતરાણ કર્યુ હતું પરંતુ અમને ટ્રાન્સપોર્ટ અને અન્ય લોજીસ્ટીક સપોર્ટ માટે રાજ્ય સરકાર દ્વારા એક દિવસ સુધી રાહ જોવડાવી હતી.

તત્કાલીન સંરક્ષણમંત્રી જ્યોર્જ ફર્નાડીઝની હાજરીમાં ૧ માર્ચના પરોઢીયે નરેન્દ્ર મોદીને અમારી જરુરીયાતો પુરી કરવાની વિનંતી કરી હતી.ગુજરાતના રમખાણોની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલી સીટમાં નરેન્દ્ર મોદીને ક્લીટ ચીટ આપતાં જણાવવામાં આવ્યુ હતું કે સેનાને સહાય ઉપલબ્ધ કરાવવામાં રાજ્ય સરકાર દ્વારા કોઈ વિલંબ કરાયો નહોતો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ०७९ ૬૫૨૧૪૭૫૬

### નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

દેશની સૌથી મોટી કમનસીબી એ છે કે જ્યારે જ્યારે ચુંટણી આવે ત્યારે અથવા તો તે અરસામાં પ્રજાના પૈસે કેટલાક મહાનુભાવોના નામ વટાવી ખાવામાં આવે છે.નેતાજી સુભાષચંદ્ર બોઝ, ગાંધીજી કે પછી સરદાર પટેલ.જો કે સત્તાધારી પક્ષને નહેરુ-ગાંધી પરિવારથી એલર્જી છે કેમકે તેમણે તેમને સત્તા પરથી દુર કર્યા છે,રાખ્યા છે અને દુર કરી શકે છે તેથી તેમના નામોનો ક્યારેય ઉલ્લેખ કરશે નહીં.સરકારે દેશવાસીઓને આવા નેતાઓની મહાનતા ની યાદ દેવડાવવા માટે કરોડોનો ધુમાડો કર્યો છે પરંતુ તેની કોઇ જરુર જ નથી.આ મહાપુરુષો આજીવન અકિંચન રહ્યા છે. એમણે પદ અને પ્રતિષ્ઠાનો ક્યારેય મોહ રાખ્યો નહોતો.પરંતુ આજે તેમના નામો વટાવી ખાવાની ફેશન થઇ પડી છે. જેમનું આઝાદીની લડાઇમાં કોઇયોગદાન નહોતું એવા લોકો આપણને દેશપ્રેમ શીખાડી રહ્યા છે.સાધુ બાવાઓ ચારિત્ર્યને પડખે રાખીને દેશપ્રેમની વ્યાખ્યા કરતા થઇ ગયા છે કારણકે ચુંટણીઓ દ્વારા સત્તા મેળવવા માટે તેઓ ન કરવાનું કરવા માટે ફરજ પડે છે.

ચુંટણીઓ ટાણે નેતાઓને શું કરવા અને ન કરવા ફરજ પાડે તે માટે વિચારવું રહ્યું.આઝાદ હિંદ ફોજની ટોપી પહેરીને લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવ્યો. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વાર એવું બન્યું.ચુંટણી નજીકમાં હોય ત્યારે નકરવાનું બધુ કરાવતી હોય છે.હજુ ૩૧મી ઓક્ટો.સરદાર પટેલનું યુનીટી સ્ટેચ્યુનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન કરશે.દેશના તમામ પ્રતિષ્ઠિતોને આ કાર્યક્રમમાં આમંત્રણ અપાયું છે.ગુજરાત સરકારે દેશ વિદેશના મહેમાનોને માટે વ્યાપક સગવડો કરી છે.ગુજરાતના મોટાભાગના તાલુકાઓમાં દુષ્કાળના ઓળા પથરાઇ ચુક્યા છે ત્યારે આવા કરોડોના આંધણથી કોનું ભલું થશે તે સરકારની સમજમાં આવતું હશે કે કેમ એ સવાલ છે ! મહાન પુરુષોની મહાનતા માટે કરોડોનું આંધણ કરવાથી લોકોમાં રાષ્ટ્રપ્રેમ જાગી ઉઠશે એવું સરકાર માને છે. રાજકારણની ગંદી રમતમાં આ બધું શક્ય છે.આવા પ્રસંગોમાં પ્રસંગની ગરિમાને બાજુ પર રાખીને નેતાઓ તેમના ભાષણોમાં વ્યક્તિગત આક્ષેપબાજીમાં ઉતરી પડે છે જો સૌથી મોટી કમનસીબી છે.

'ખાતો નથી ખાવા દેતો નથી' અને ભ્રષ્ટાચારને મુળમાંથી નાબુદ કરવાના હાકોટા પડકારા કરનારા દેશના વડાપ્રધાને સીબીઆઇમાં તેમના ગોઠવેલા વિશ્વાસુ વ્યક્તિઓ સામે ભ્રષ્ટાચારની ફરિયાદો બાદ ધરપકડ કરવાની નોબત આવી છે.ઓફિસરોની ચડસાચડસી કહો કે અન્ય બાબત હોય પરંતુ સીબીઆઇએ પોતાની આબરુ પરની પકડ ગુમાવી દીધી છે.ખુદ સીબીઆઇ જ કૌભાંડનો અડ્ડો બની ગઇ.સીબીઆઇના ઓફીસરની ધરપકડ કરીને કસ્ટડીમાં લેવાતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે.વડાપ્રધાને દરમિયાનગીરી કરી પરંતુ હવે સીબીઆઇની આબરુનું લીલામ થઇ ચુક્યું છે.

### મંતવ્ય

સીબીઆઇ પર સીબીઆઇની રેડ.ભાજપના મુખીયા જે કરે તે બધું પ્રથમવાર જ હોય તેવું ઠસાવી દેવામાં આવે છે.પરંતુ ખરેખર સીબીઆઇ પર સીબીઆઇની રેડ પડે તે દેશના ઇતિહાસમાં સૌ પ્રથમ વાર બન્યું.વડાપ્રધાનશ્રીએ ગોઠવેલા તેમના પ્યાંદા યેનકેન પ્રકારે જુદા જુદા કૌભાંડો કે કેસોમાં ફસાયા છે. જેમકે ખોટા એન્કાઉન્ટરોમાં તેમના વિશ્વાસુ પોલીસ અધિકારીઓ ફસાયા અને લાંબા સમય સુધી જેલવાસ ભોગવ્યો.છેવટે તેમને મુક્ત કરાવી દેવાયા.આમ બધું પ્રથમવાર બનતું રહ્યું. છેવટે દેશની બેન્કોનું કરી નાંખીને ભાગેડુઓ પણ તેમના મળતીયા હતા અને તેઓ પ્રથમવાર દેશના ઇતિહાસમાં કૌભાંડો કરનારા પરિબળો બન્યા.૨૦૧૪ પછી અનેક ઘટનાઓ ઘટી જે દેશના ઇતિહાસમાં પ્રથમવાર જ બની. ગીનીચ બુક ઓફ રેકોર્ડમાં એનડીએ સરકારની આવી સિધ્ધિઓને ખપાવીને મુકી શકાય.

મનહર કે ખલાસ


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# મોદી શાસનમાં અર્થ વ્યવસ્થા પર ભારે સંકટ : યશવંત સિંહા



ભાજપના પુર્વ અગ્રણી અને એનડીએ સરકારમાં કેન્દ્રીય મંત્રી રહી ચુકેલા યશવંત સિંહાએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાચવવાની જવાબદારી ગુજરાત સરકારની છે તેમ કહી તાકીદે અન્ય રાજ્યોના લોકોને પોલીસ પ્રોટેક્સન આપવા માંગ કરી છે.તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કહ્યું કે ૪ વર્ષમાં અર્થ વ્યવસ્થાનું સંપુર્ણપણે મીસ મેનેજમેન્ટ થયું છે.પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોને અટકાવવામાં સરકાર નિષ્ફળ ગઇ છે. જ્યારે ભાજપના બગાવતી સાંસદ શત્રુધ્ન સિંહાએ કહ્યુ હતું કે મોદીની વિદેશ નીતિ બહુ સફળ કહેવાય છે પણ તેમાં જપ્પી અને પપ્પી સિવાય કંઇ નથી.રાષ્ટ્ર મંચના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય નેતાઓ અમદાવાદ આવ્યા હતા. મીડીયા સાથેની વાતચીતમાં કરતાં ઠાકોરભાઇ દેસાઇ હોલમાં જાહેર પ્રવચનમાં યશવંત સિંહાએ કહ્યુ કે દેશ ખતરનાક સ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે.જો તમે સત્તા સામે કોઇ સવાલ પુછો તો તમને દેશદ્રોહી,પાકિસ્તાની,ચીની કહેવાની નવી પરંપરા શરુ થઇ છે.આર્થિક હાલત ખાડે ગઇ છે.જીડીપીના વિકાસ દર અને અર્થતંત્રની જે હાલતનો મેળ ખાતો નથી. પેટ્રોલ- ડીઝલના ભાવ, બેરોજગારી, ઉત્પાદન, નિકાસ વગેરેમાં જે હાલત દેખાય છે તે જોતા અર્થ વ્યવસ્થા પર ભારે સંકટ છે.તેને સંભાળવાની ક્ષમતા સરકારમાં નથી.૧૩ થી ૧૪ લાખ કરોડના પ્રોજેક્ટ વિલંબથી ચાલી રહ્યા છે.નાણાં મંત્રી અરુણ જેટલીને અર્થતંત્ર સિવાયની બાકીની બધી વાતોમાં સમજ પડે છે તેવો કટાક્ષ કરતાં તેમણે કહ્યુ હતું કે દેશમાં શેરબજાર અને ફોરેન એક્સચેઇન્જ પર સટ્ટાખોરો હાવી છે.૨૦૧૩માં ડોલર સામે રુપીયાનો ભાવ રુ.૬૦ હતો ત્યારે મોદીએ કહ્યુ હતુંકે રુપીયો આઇસીયુમાં છે.પરંતુ આજે બોલતાં નથી એટલે શત્રુધ્નસિંહાની ભાષામાં કહીએ તો ખામોશ છે. રફાલ સોદો મોટું કૌભાંડ છે.તટસ્થ તપાસ થાય તો અનેક ચોકાવનારી વિગતો બહાર આવશે.લોકો કૌભાંડ કરીને દેશની બહાર ભાગી જાય છે તેવી વ્યવસ્થા કેવી છે. ૨૦૧૯માં લોકો પણ હવે આ ઇમાનદાર સરકાર છે તે સ્વીકારવા તૈયાર નહીં હોય.

શત્રુધ્નસિંહાએ મોદી અને ભાજપ પર બેફામ પ્રહાર કરતાં કહ્યુ હતું કે મારો કોઇ સ્વાર્થ નથી એટલે હું કહી શકું છું કે હું ભાજપની ટીકા કરીશ પણ રાજીનામું નહીં આપું. તેમણે કાઢી મુકવો હોય તો કાઢી મુકે.પીએમ દ્વારા ૪ વર્ષમાં ૧૨૫ હવાઇ અડ્ડા બનાવ્યા અને સિંકદર ગંગા કિનારે આવ્યો હતો તેવા ગપગોળા ચલાવાય છે.તેમણે કંઇ પણ પુછો તો ૪ વર્ષનો હિસાબ આપવાના બદલે ભુતકાળમાં શું હતું તેમાં ચાલ્યા જાય છે.મોદીના મંત્રીમંડળમાંથી ૯૦ ટકા મંત્રીઓને કોઇ ઓળખતું નથી કે તેમને કોઇ મંત્રી માનતું નથી.કારણકે બધી જ બાબતો પીએમ ઓફીસમાંથી નક્કી થાય છે.અડવાણી મારા ગાઇડ છે અને તેથી આ કિંમત અમે ચુકવી રહ્યા છીએ તેમ કહેતા સિંહાએ દેશભક્તિનો ઠેકો તેમણે એકલાએ નથી લઇ રાખ્યો તેમ કહ્યુ હતું.

હાલની સરકારમાં વન મેન આર્મી અને ટુ મેન શો જેવી સ્થિતિ છે.એટલું જ નહીં એરોગન્સ એટીટ્યુડ અને ઇગો પણ દેખાઇ આવે છે.સ્વ વાજપેયી સરકાર વખતે લોકશાહી હતી અત્યારે તાનાશાહી છે.

ગુજરાત રાષ્ટ્રમંચના સંયોજક અને પુર્વ સીએમ સુરેશ મહેતાએ જણાવ્યુ હતુંકે સોનાના સુટ અને સીપ્લેનનો ઉપયોગ કરતાં નરેન્દ્ર મોદી સૌથી વૈભવી સત્તાધીશ છે. સ્ટેચ્યુ ઓફ યુનીટીનો ખર્ચ રુ.૨૯૦૦ કરોડનો હતો તે વધીને ૩૫ કરોડ પહોચ્યો છે.સહસંયોજક પ્રવીણસિંહ જાડેજાએ આભાર વિધિ કરી હતી.ગુજરાતમાં હવે ભાજપ વિરોધીસુર પ્રગટ થઇ રહ્યો છે.

# શાળાના શિક્ષકોએ પોતાના ચારિત્ર્યનું ૨૦રુના સ્ટેમ્પ પેપર પર પ્રમાણપત્ર આપવું પડશે : શિક્ષણ વિભાગનો આદેશ

શાળા સલામતીના ભાગરુપે શિક્ષણ વિભાગે હવે શિક્ષકોના કેરેક્ટર અંગેના પ્રમાણપત્ર માંગી રહ્યુ હોવાની વિગતો સામે આવી છે.પોરબંદર જિલ્લાના શિક્ષણાધિકારીએ શિક્ષકો પાસે કેરેક્ટર મુદ્દે સ્ટેમ્પ પેપર પર એફિડેવીટ કરવાનો પરિપત્ર જારી કર્યો છે.જેમાં પોક્સો સહિતના વિવિધ ગુનાહિત કૃત્યમાં ક્યારેય સામેલ નથી તેવું એફિડેવીટ શિક્ષકો પાસે માંગવામાં આવ્યું છે.જેની એક નકલ સ્કુલમાં અને બીજી નકલ ડીઇઓ કચેરીમાં જમા કરાવવાનું કહ્યુ છે.

ડીઇઓએ પરિપત્ર કરી આદેશ કર્યો છે કે સ્કુલ સેફ્ટિ પોલીસી અનુંસંધાને તમામ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોએ પોતાના કેરેક્ટર અંગેનું પ્રમાણપત્ર રુ.૨૦ના સ્ટેપ પેપર પર આપવાનું રહેશે.જેમાં પોક્સો અને બાળ ન્યાય અધિનિયમ અથવા અન્ય જાતીય તથા હિંસક ગુનાઓમાં દોષિત ઠરેલ નથી તેવું સોગંદનામું કરવાની સુચના આપી છે. ઉલ્લેખનીય છે કે શાળા સલામતી અંગેની સુપ્રીમ કોર્ટ દ્વારા ગાઇડ લાઇન જારી કરેલી છે. જેમાં ફાઇયર શેફ્ટીથી લઇને તમામ પ્રકારના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.જે અંગેનો શિક્ષણ વિભાગે ગત વર્ષે આ પરિપત્ર જારી કર્યો હતો.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# જપ્પી અને પપ્પી સિવાય બહુ સફળ કહેવાતી વિદેશ નીતિમાં કંઇ નક્કર નથી : શત્રુઘ્ન સિંહા



ભાજપના સાંસદ શત્રુઘ્ન સિંહાએ કહ્યુ હતું કે વર્ષોથી મોદી મારા મિત્ર છે. પરંતુ ક્યારેય ચા વેચવાની વાત કરી હોય તેવું સાંભળ્યું નથી. ચા વેચવી ખરાબ નથી પણ ચાના નામે માર્કેટીંગ - ચા વેચવાવાળા ક્યાંથી ક્યાં પહોચી જાય છે ?એક વકીલ નાણાં વિભાગ સંભાળે અને બે વખત ચુંટણી હારેલી એક્ટ્રેસ સ્મૃતિ ઈરાનીને માનવ સંશાધન વિભાગ સોપાય તો હું કેમ એકટર થઈને આર્થિક સ્થિતિ વિશે વાત ના કરી શકું.

# રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર નહી કરાયઃ પી.ચિદમ્બરમ

૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં પાર્ટી રાહુલ ગાંધીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર નહીં કરે તેમ કોગ્રેસે કહ્યુ છે. પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે કહ્યુ છે કે તેમની પાર્ટી માત્ર રાહુલ જ નહીં અન્ય કોઈ વ્યક્તિને પણ આ માટેના દાવેદાર તરીકે જાહેર નહી કરે.પ્રાદેશિક પક્ષો સાથે મળીને કોગ્રેસ ચુંટણી લડશે અને ગઠબંધનના એજન્ડા પ્રમાણે વડાપ્રધાન પદ માટે વ્યક્તિની પસંદગી થશે. તેમણે કહ્યુ કે ભાજપ અને કોગ્રેસ એમ બંને પાર્ટીનો મતહિસ્સો ૫૦ ટકા કરતાં ઓછો થઈ ગયો છે.કેન્દ્રમાં ભાજપ સરકાર જોવાની કોશીશ કરી રહી છે. કે પ્રાદેશિક પાર્ટીઓ સાથે કોગ્રેસ હાથ ન મિલાવે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# ૨૦૧૪ની ચુંટણીમાં ભાજપે લોકોને ખોટા વચનો આપ્યાં હતા તેવી કબુલાત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કરી



૨૦૧૪ની લોકસભાની ચુંટણીઓ વખતે ભાજપે ચુંટાવા માટે અનેક ખોટા વચનો જનતાને આપ્યા હતા અને હવે સત્તા પર આવ્યા બાદ તેમને આ વચનો પુરા કરવાની કોઇ યોજના નથી.તેવું કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહીને કબુલાત કરી હતી.તેમની આ કબુલાતથી નરેન્દ્ર મોદી સરકારની સ્થિતિ પતલી બની ગઇ છે.હાલમાં એક જાતીય શોષણના એક અભિનેત્રીના આરોપોનો સામનો કરી રહેલા નાના પાટેકર સાથે તેમણે એક મરાઠી રીઅલ્ટી શોમાં છડેચોક આ કબુલાત કરી હતી.અને આ આખો એપીસોડ એક ચેનલ પરથી ચોથી અને પાંચમી ઓક્ટો.પણ પ્રસારીત છે.

જ્યારે પાંચ રાજ્યોમાં ચુંટણીની જાહેરાત કરાઇ છે ત્યારે અને આગામી વર્ષમાં લોકસભાની ચુંટણીનો તખ્તો તૈયાર થઇ રહ્યો છે ત્યારેગડકરીની આ કબુલાતથી ભાજપને ફાયદો થાય કે ના થાય પરંતુ મોદીના વાયદા સામે લોકોને પોતે છેતરાયાનો અફસોસ થાય તે સ્વાભાવિક છે.ગડકરીએ ઉમેર્યુ હતું કે અમે સત્તા પર આવીશું તેવી ધારણા ન હતી.આથી અમને મોટા વચનોની સલાહ અપાઇ હતી.હવે અમે સત્તા પર છીએ, લોકો અમને યાદ અપાવે છે કે અગાઉના વચનોની પરંતુ અમે તેને માત્ર હસીને આગળ વધી જઈએ છીએ. જોકે વચનોની લ્હાણી કરતી વખતે ભાજપની થીંક બેન્કને ખબર હતી કે પરિણામ ગમે તે આવે,તરફેણમાં આવશે તો ઠીક નહીં. ગાજરને પીપુડી સમજી ખાઈજવાનુ અને લોકો આવતી ચુંટણી સુધીમાં આ બધુ ભુલી જશે.

# ભારતમાં તમામ શાકાહારી બને તેવી પીટીશન કરનારાને સુપ્રીમ કોર્ટે આકરી ટકોર કરી ખખડાવ્યા

ભારતમાં માંસની નિકાસને પડકારતી અરજી કરનાર એર પીટીશનરને સુપ્રીમ કોર્ટે ખખડાવ્યા હતા અને આકરી ટકોર કરી હતી કે શું તેમે દેશમાં દરેકને શાકાહારી બનાવવા ઈચ્છો છો ?

દેશમાં માંસની નિકાસને પ્રોત્સાહન ન આપવું જોઈએ તે અંગેની માંગણી કરતી એક જાહેર હિતની અરજી પર જસ્ટીસ મદન બી લોકુર અને દિપક ગુપ્તાની બેન્ચે આ તારણ કાઢ્યું હતું . બેન્ચે કહ્યુ હતું કે દરેક લોકો શાકાહારી બને તેવો આદેશ અને જારી કરી શકીએ નહીં.



પીટીશનરના વકીલે બેન્ચે આ મામલાની સુનાવણી કરવા કોર્ટે આગ્રહ કર્યો હતો તો કોર્ટે ફેબ્રુઆરી સુધી તેની સુનાવણી ટાળી દીધી હતી.દેશમાં ઓર્ગેનીક ફાર્મિંગને પ્રોત્સાહન આપવાના મુદે કરાયેલી અલગ પીટીશનની સુનાવણી કરી હતી. અને કહ્યુ હતું કે આ મામલે સરકારે નક્કી કરવું જોઈએ.

પીટીશનરના વકીલે કોર્ટેને કહ્યુ હતું કે તેમણે આ મામલો સરકાર સમક્ષ ઉઠાવ્યો હતો પરંતુ કોઈ પગલાં લેવાયા નથી તો તેના જવાબમાં કોર્ટે કહ્યુ હતું કે આ બાબતો અંગે સરકારને કહેવાનું અમારુ કામ નથી.ધાર્મિક કટ્ટરતાવાદ ધીમે ધીમે દેશમાં દાખલ કરવાની એક ચાલને નાકામયાબ બનાવવામાં આવી પરંતુ કેટલાક કટ્ટરવાદીઓ દ્વારા તેવી બ ાબતોને યેનકેન પ્રકારે કાયદા દ્વારા લોકો પર લાદી લેવા માટેના પ્રયોજનો કરવા એવું દેખાઈ રહ્યું છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

# સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન શું છે ?

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન(સી.બી.આઇ) ફોજદારી યાને કે વિવિધ પ્રકારના ગુનાઓને લગતી અને રાષ્ટ્રની સુરક્ષા સબંધી બાબતો અંગે જાંચ કરનારી ભારત સરકાર હસ્તકની મુખ્ય સંસ્થા છે.તા.૧ એપ્રિલ,૧૯૬૩ના રોજ રચાયેલ આ સંસ્થાનો મુદ્રાલેખ છે ઇન્ડસ્ટ્રી, ઇમ્પાર્શિયાલીટી એન્ડ ઇન્ટીગ્રીટી યાને કે પરિશ્રમ, નિષ્પક્ષપાતીપણું અને ન્યાયનિષ્ઠા.

બીજા વિશ્વયુધ્ધ સમયે અને પુરવઠા ખાતામાં થતા ભ્રષ્ટાચારની તપાસ માટે ૧૯૪૧માં તે સમયની કેન્દ્ર સરકારે સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લીશમેન્ટ (એસપીઇ)ની રચના કરી ત્યાર પછી સરકારી કર્મચારીઓ દ્વારા થતાં ભ્રષ્ટાચાર માટે ધી દિલ્હી સ્પેશીયલ પોલીસ એસ્ટાબ્લીસમેન્ટ એકટ,૧૯૪૬ કાયદો ઘડીને આ મેહમકને ગૃહ ખાતાના નિયંત્રણ હેઠળ મુકીને સરકારના તમામ ખાતાઓને આવરી લેવાયા.ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ ખાતાના પ્રધાનના નિયંત્રણ હેઠળ સીબીઆઇ કામ કરે છે.આ પ્રધાને સીબીઆઇની કામગીરી અંગેના અહેવાલો વડાપ્રધાનને સીધેસીધા જ આપવાના હોય છે. સીબીઆઇનું મુખ્ય મથક દિલ્હીમા છે. તેની હકુમતનો વિસ્તાર ભારતના તમામ કેન્દ્ર શાશિત પ્રદેશો અને જેતે રાજય સરકારની સંમતિથી તે હકુમત રાજય સરકારો સુધી પણ વિસ્તારી શકાય છે. ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશન (ઇન્ટરપોલ)આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસનું કામ કરે છે.તેના ભારત માટેના અધિકૃત એકમ તરીકે પણ સીબીઆઇ કાર્યરત છે.ભારતના બંધારણ હેઠળ સીબીઆઇની કામગીરી કેન્દ્રનો વિષય ગણાય આથી પોતાનો અહેવાલ કોઇ રાજ્યોને નહી આપતાં ભારત સરકારને આપે છે.

સીબીઆઇની કામગીરી જોઇઓ તો ઉચ્ચ કક્ષાએ રુશવતખોરી,ગંભીર પ્રકાની ઠગાઇ, ખાસ કરીને નાણાંકીય છેતરપીંડી અને ઉચાપત, સમાજ વિરુધ્ધના ગુના જેમાં ખાસ કરીને આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહાખોરી, કાળાબજાર અને નફાખોરીની બાબતોનો સમાવેશ થાય છે.અને આ સંસ્થા સમગ્ર ભારત અને આતરરાષ્ટ્રીય વિભાગોમાં વહેચાયેલ છે. જે માટે સીબીઆઇને ડીએસપીઇ એકટ ૧૯૪૬ અધિનિયમ હેઠળ કાનુની સત્તા પ્રાપ્ત થયેલ છે. ગુનાની તપાસ માટેના આ સીબીઆઇ ખાતા ઉપર દેખરેખ રાખવા લાંચ રુશ્વત નિવારક કાયદાની બાબતમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) કેન્દ્રીય તકેદારી પંચ અને અન્ય બાબતોમાં કેન્દ્ર સરકારનું ડીપાર્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ ખાતું દેખરેખ રાખે છે.

વિવિધ પ્રકારના ગુનાઓની જાંચ કરનાર સંસ્થા તરીકે સીબીઆનિી નામના થઇ છે. તેમાં ગુનાઓની તપાસ કરવા માટે ત્રણ મુખ્ય વિભાગો છે. ૧. એન્ટ્રી કરપ્શન ડીવીઝન -લાંચ રુશ્વત વિરોધી વિભાગ, કેન્દ્ર સરકાર, કેન્દ્રીય જાહેર સાહસો અને કેન્દ્રીય નાણાંકીય સંસ્થાઓનો જાહેર નોકરોએ આચરેલ લાંચ રુશ્વત અને કૌભાંડોના કેસો માટે (૨) ઇકોનોમીક ક્રાઇમ્સ વિભાગ- આર્થિક ગુનાઓનો વિભાગ- આ વિભાગની કામગીરીમાં બેંકો તેમજ અન્ય નાણાંકીય કૌભાંડો, આયાત નિકાસ, અને વિદેશી હુંડિયામણના નિયમોનું ઉલ્લંઘન, વિદેશી નશીલા પદાર્થો, કેફી દ્રવ્યો, પ્રાચીન કલાકૃતિઓ, સાંસ્કૃતિક સંપત્તિની મોટેપાયે દાણચોરી અને અન્ય પ્રતિષ્ઠિત ચીજવસ્તુઓની દાણચોરીના કેસો હાથ ધરવામાં આવે છે.(૩)સ્પેશીયલ ક્રાઇમ્સ ડીવીઝન. ખાસ પ્રકારના ગુનાઓનો વિભાગ, ત્રાસ ગુજારનારાઓ,બોમ્બ ફોડનારાઓ,અરેરાટી પેદા કરતી માનવ હત્યાઓ, ધનસંપત્તિ મેળવવા અપહરણ કરનારાઓ સામેના કેસો, માફિયાઓ તેમજ અંડરવર્લ્ડ(સ્વમાન રહિત વ્યક્તિઓનું જગત)ના લોકોએ કરેલા ગુનાઓના કેસો અંગેનો વિભાગ.

સીબીઆઇ જે ગુનાઓની તપાસ કરી શકે તેની યાદી એસપીઇ એકટ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકારે જાહેર કરેલ હોય છે. સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટ હુકમ કરે તે તમામ કેસોના ગુનાની તપાસ કરવાનું સીબીઆઇ માટે બંધનકર્તા છે.અને તે માટે કેન્દ્ર સરકારની કોઇ પ્રકારની સંમતિ જરુરી નથી. અત્રે તેની પણ નોંધ લેવી ઘટે કે નવેમ્બર,૨૦૦૮ના સમગ્ર વિશ્વમાં મુંબઇ હુમલા પછી ત્રાસવાદી પ્રવૃત્તિઓને લગતા ગુનાની બાબતમાં નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી ,એનઆઇએ ની રચના કરવામા આવી છે. જાહેર કરવામાં આવેલ અમુક ગુનાઓ અંગે જ સીબીઆઇ આપમેળે સ્વયંપ્રેરીત તપાસ(સુઓ મોટો) જ કરી શકે.ભારત દેશના કોઇપણ રાજયની સરહદના વિસ્તારમાં તપાસ કરવા માટે જે તે રાજયની પુર્વ સંમતિ લેવી જરુરી છે.કેન્દ્ર સરકાર મંજુરી આપ, પરંતુ જે તે રાજય સરકારની મંજુરી હોય તો જ સીબીઆઇ તપાસ કરી શકે. નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ હાઇકોર્ટ કોઇપણ રાજયની મંજુરી વગર સીબીઆઇને તપાસ કરવાનો આદેશ કરી શકે છે.

આપણા દેશના લગભગ દરેક રાજધાની(પાટનગર)માં સીબીઆઇની શાખા છે અને ફરિયાદી લાંચ રુશ્વત વિરોધી શાખાનો સંપર્ક કરી શકે.કેન્દ્ર સરકાર સંમત થાય તો સીબીઆઇ રાજયની પોલીસે નોંધેલ ગુનાની તપાસ પોના હસ્તક લઇ શકે છે.જો કે તેવી સંમતિ આપતાં પહેલા કેન્દ્ર સરકાર સીબીઆઇનો અભિપ્રાય મેળવે છે.સીબીઆની કચેરીમાં બાતમી આપવા માટે રુબરુ જવું જરુરી નથી.ટપાલથી, ફોનથી કે અન્ય રીતે બાતમી આપી શકાય છે.પોતાનું નામ નહી આપવાની શરતે પણ બાતમી આપી શકાય છે.અને સીબીઆઇ તેનુંપાલન કરવા કાળજી રાખી તપાસ કરે છે.પરંતુ બાતમી આપનારની માહીતીની ખરાઇ કર્યા પછી જ ગુનો નોંધવામાં આવે છે અને બાતમી આપનારના નામની નોધ કોઇ રેકોર્ડમાં થતી નથી.તેમજ ઉપલા અધિકારી હોય કે કોઇ કોર્ટ હોય બાતમીદારનું નામ જણાવવામાં આવતુ નથી.

કોઇ આરોપીને પકડવા સીબીઆઇએ ઇનામ જાહેર કરેલ હોય તે સિવાયના કિસ્સામાં ગુના અંગની માહિતી આપનારને સીબીઆઇ તરફથી કોઇ એવોર્ડ બદલો આપવામાં આવતો નથી.પોતાના ખાતાના માણસો ઉપર પણ સીબીઆઇ નજર રાખે છે.તે બાબત તેમના ખાતાના માણસો વિરુધ્ધ પણ લાંચ રુશ્વતના ગુના માટે કેસો કરેલ છે તે ઉપરથી જણાઇ આવે છે.સીબીઆઇની તપાસમાં ગુનો અંગે વિજ્ઞાન અને ટેકનોલોજી પર ભાર મુકવામાં આવે છે. ફોરેન્સિક સાયન્સના (ન્યાય સહાયક વિજ્ઞાન) રીપોર્ટ, નિષ્ણાતો,તજજ્ઞોના અભિપ્રાય મેળવવામાં આવે છે. વિદેશમાં પણ તપાસ કરવાની હોય ત્યારે સીબીઆઇ ના કાબુ બહારના સંજોગો હોઇ શકે છે. પુરાવો એકઠો કરવા જે તે દેશને પત્ર લખવામાં આવે છે અને જે તે દેશની લો એન્ફોર્સમેન્ટ એજન્સીને પુરાવો એકઠા કરવાની વિનંતી કરવામાં આવે છે. સીબીઆઇની કામગીરી પર નજર રાખવા તેના ખાતામાં જ ઘણા સ્તરનું સુપરવિઝન હોય છે.આ રીતે પુરાવાની ઝીણવટભરી રીતે ચકાસણી કરવામાં આવે છે.આથી સીબીઆઇ તપાસમાં વિલંબ પણ થતો હોય છે.જો કે ટ્રેપ કેસો એટલે કે છટકું ગોઠવી ગુનેગારને નશ્યત કરવા જેવા કેસોની તપાસ સામાન્ય રીતે વધુમાં વધુ ત્રણ મહિનામાં પુરી થતી હોય છે.પરંતુ કોઇપણ સંજોગોમાં ટ્રેપ કેસની તપાસ એક વર્ષમાં પરી થઇજવી જોઇએ એવો આગ્રહ રાખવામાં આવે છે.

ગુનાની તપાસ ઉપરાંત સીબીઆઇને ભારતના આંતરરાષ્ટ્રીય પોલીસ(ઇન્ટરપોલ) તરીકે માન્યતા આપવામાં આવી છે.ઉત્તરપ્રદેશના ગઝીયાબાદ શહેરમાં આથી તાલીમ કેન્દ્ર પણ સ્થાપવામા આવેલ છે.જ્યાં જુદા જુદા વિષયોના અભ્યાસક્રમની તાલીમ આપવાની વ્યવસ્થા છે.આ તાલીમ કેવળ સીબીઆઇના અધીકારીઓ પુરતી સીમીત નહીં રાખતા અન્ય દેશોના અધિકારીઓને પણ તાલીમ માટે પ્રવેશ મળે છે.અને તે ઉપરાંત રાજય અને કેન્દ્ર શાશિત પ્રદેશોના પોલીસતંત્રના અધીકારીઓ,જાહેર સાહસો તેમજ બેકોના તકેદારી અધિકારીઓને તાલીમ આપવાની વ્યવસ્થા પણ છે.

ઇન્ટરનેશનલ પોલીસ ક્રિમિનલ ઓર્ગેનાઇઝેશન -આંતર રાષ્ટ્રીય પોલીસ ફોજદારી સંગઠન( આઇસીપીઓ કે ઇન્ટરપોલ) જુદા જુદા દેશોમાના કાયદાનો અમલ કરાવનાર લો એન્ફોસીંગ એજન્સીઓ વચ્ચેનો સહકાર મજબુત કરનાર અગત્યની સંસ્થા તરીકે ઉપસી આવેલ છે.ભારતની ઇન્ટરપોલ તરીકે આવા સહકાર માટે ભારત અને ભારત બહારની કાયદાનો અમલ કરાવનારી એજન્સીઓ વચ્ચે સીબીઆઇ કડીરુપ બને છે.સીબીઆઇ જે તે એજન્સીઓને માહીતી આપવા તેમજ માહિતી પુરી પાડવામાં સરળતા કરી આપવાનુ કામ કરે છે.ભારત અને અન્ય દેશો વચ્ચે પરસ્પર કાનુની સહાય અંગેની સંધિઓ, મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ, ટ્રીટીઝ(એમએલટી) અને પ્રત્યાર્પણ સંધિઓ, એકસ્ટ્રાડીશન ટ્રીટીઝમાં વાટાઘાટો અને આખરી નિર્ણય કરવામાં આવે છે તેમાં પણ સીબીઆઇની ભુમિકા હોય છે.ભારતમાં અને ભારતે બહાર ગુનાની તપાસ માટેના વિનંતી પત્રની બજવણી માટે સીબીઆઇ કાર્યરત રહી અનુકુળતા કરી આપે છે.

લેખક : મધુકર દિ ધ્રુવ,(નિવૃત ન્યાયાધીશ , સૌ.સંદેશ)

## જાણવા જેવું !

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

૧૯મી સદીમ ાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.

## વિનંતી



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેયો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૧૪૫૧૮૩૬૭

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.